ગાંધીનગર સમાચાર

# રાજયના ૪૦ જળાશયો હાઈ એલર્ટ પર



પર્વાધિરાજ પર્યુષણ - પર્યુષણ મહાપર્વનો ઉલ્લાસપૂર્વક આરંભ થયો છે... જૈન પરિવારો આઠ દિવસ ભાવભક્તિમાં ઓતપ્રોત રહેશે... સેક્ટર-૨૨ જૈન દેરાસર અને બોરીજ દેરાસર ખાતે ભગવાનને અલગ અલગ આંગી કરી સુશોભિત કરાય છે... ગાંધીનગરના દેરાસરોને ભાવિકો પર્યુષણ પર્વ નિમિત્તે શણગારે છે અને ભગવાનની નયમરમ્ય આંગી કરી ઉલ્લાસ પ્રગટ કરે છે...

## જિલ્લામાં એક હજાર તાવના દર્દીઓ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં મળ્યા

### વાહકજન્ય રોગચાળાને લઈ હાથ ધરાયેલા સર્વેલન્સમાં ત્રણ હજાર સ્થાનોએથી મચ્છરોના પોરા પણ બે દિવસમાં મળી આવ્યા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે દિવસમાં એક હજારથી વધુ તાવના દર્દીઓ મળી આવ્યા છે જેમના લોહીના નમૂના લઈ અને તેઓ વાહકજન્ય રોગચાળાથી પિડાય છે કે કેમ તેની ચકાસણી હાથ ધરવામાં આવી છે.

જિલ્લામાં ગઈકાલથી મેલેરિયા સહિતના વાહકજન્ય રોગચાળાના કેસો શોધવાના અભિયાનના આજે બીજે દિવસે આ વિગતો હાઉસ ટુ હાઉસ સર્વે દરમ્યાન બહાર આવવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે આજે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી ૪૫૫ અને ગાંધીનગર શહેરમાંથી ૧૧૪ તેમજ ગઈકાલે ગ્રામ્ય વિસ્તારમાંથી ૪૧૨ અને શહેરમાંથી ૭૦ જેટલા તાવના દર્દીઓના લોહીના નમૂના લેવાયા હતા.

સમગ્ર જિલ્લામાં ૨૦૧૧ની વસ્તી ગણત્રી પ્રમાણે ૧૪ લાખ જેટલી વસ્તી છે અને તેમાંથી ૪ લાખ જેટલા લોકોને આ સર્વેલન્સમાં અત્યાર સુધીમાં આવરી લેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૧૫૪ સ્થાનો પરથી શહેરમાં ૬૩૩ ઘરોમાંથી મચ્છરોના પોરા મળી આવ્યા હતા. શહેરી મેલેરિયા તંત્ર એ આજે ૧૮ સ્કૂલોમાં પોરાનાશક કામગીરી કરી હતી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ પોરાનાશક કામગીરી જોરશોરથી ચાલી રહી હોવાનું તંત્રની યાદીમાં જણાવાયું છે.

વરસાદે બદલેલી પેટર્નને પગલે સમગ્ર જિલ્લામાંથી જે રીતે પોરાઓ એડીસ મચ્છરના મળી રહ્યા છે તે ખુબજ ચિંતાજનક જરૂર છે. સામાન્યતઃ જિલ્લામાં સપ્ટેમ્બર મહિનામાં વાહકજન્ય રોગચાળામાં ઉછાળો જોવા મળતો હોય છે પરંતુ હાલ મહાઅભિયાન અંતર્ગત હાથ ધરવામાં આવેલ સર્વેલન્સને કારણે પરિસ્થિતિ હળવી રહેશે તેવો વિશ્વાસ તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

જિલ્લામાં બે દિવસ દરમ્યાન તાવના મળેલા દર્દીઓના લેવાયેલા નમૂનાઓની ચકાસણી ઝડપથી પુરી કરવામાં આવશે તેવા નિર્દેશો આપતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આ માટે દરેક પ્રા.આ. કેન્દ્ર અને અર્બન હેલ્થ સેન્ટરો પર કામગીરી હાથ ધરી દેવામાં આવી છે.

## ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતમાં પમી સુધી વરસાદની આગાહી

### જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ પટેલની ગાજવીજ સાથે વરસાદની આગાહી

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યના ઘણા ભાગોમાં હાલમાં વરસાદ પડી રહ્યો છે. આગામી ૧ થી ૫ સપ્ટેમ્બર દરમ્યાન પણ વરસાદ પડવાની સંભાવના છે.

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે રાજ્યના મહદ ભાગોમાં વરસાદ થયો છે. ભૌગોલિક કારણો અને અન્ય યોગો, ગ્રહો વગેરે યોગો જોતા હજુ સપ્ટેમ્બર માસમાં પણ વરસાદના યોગો રહે. હવે પર્વતાકારનો મેઘ જ્યાં ચઢે ત્યાં પડે અને વરસાદ વિજળીયુક્ત મેઘ ગર્જના સાથે આવે. સપ્ટેમ્બર તા. ૧ થી ૫ માં રાજ્યના ભાગો, ઉત્તર ગુજરાતના ભાગો, બનાસકાંઠાના ભાગો અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદની વકી રહેશે. જ્યારે તા. ૮ થી ૧૩માં પણ રાજ્યના ભાગોમાં વરસાદની વકી રહેશે. આરાસુર પર્વતના ભાગો, વિંધ્યના ભાગો, આબુ તેમજ દાંતાના ભાગો, ડુંગરાળ ભાગો વગેરેમાં પણ વરસાદની શક્યતા રહેશે. તા. ૧૩ થી ૨૨ સુધીમાં ગરમી પડે અને વરસાદી ઝાંપટા પડવાની પણ વકી રહે. ઓગષ્ટ તા. ૩૦ થી પૂર્વ ફાલ્ગુની નક્ષત્રમાં સુર્ય આવેલ હોઈ આ વરસાદી પાણી ઉભા કૃષિ પાકો માટે સારૂ ગણાતુ નથી. પાકમાં રોગ-જીવાતની ધાસ્તી રહે. ખેતરમાં લીલામાં ખેડવામાં આવે તો પાકો પીળા પડી જવાની અને બગડી જવાની શક્યતા રહે છે. જ્યારે સપ્ટે. ૧૩ થી ૨૨નો વરસાદ પાકો માટે સારો રહે. સપ્ટમ્બરમાં વરસાદ પવન સાથે થવાની શક્યતા રહે. જ્યારે સપ્ટેમ્બરના પાછલા દિવસોમાં દક્ષિણ ભારતના કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ રહે. અલબત્ત કેટલાક કૃષિ પાકો માટે વધુ વરસાદ પડે તો સારો નહી.

## મહાત્મા મંદિર ખાતે બીજીએ મહિલા પશુપાલકો માટે ખાસ સેમિનાર

### આ સેમિનારની સાથે ત્રિદિવસીય પ્રદર્શન પણ રાજ્યના મુખ્યમંત્રી રૂપાણી ખુલ્લુ મુકશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આગામી ૨જી સપ્ટેમ્બરે મહિલા પશુપાલકો અને ખેતીમાં તેમના યોગદાન લઈ એક વિશેષ સેમિનાર અને ત્રિદિવસીય પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યના કૃષિ અને પશુપાલન વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ સેમિનારમાં રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી વિશેષ હાજરી આપી સેમિનારને ખુલ્લો મુકશે.

ત્રિદિવસીય પ્રદર્શનનુંપણ મુખ્યમંત્રી રૂપાણી ઉદ્‌ઘાટન કરશે. આ પ્રદર્શનમાં આધુનિક ખેતી પદ્ધતિઓ, નવી પિયત પદ્ધતિઓ તેમજ સજીવ ખેતી ઝીરો બજેટ સાથે કેવી રીતે થઈ શકે તેને લઈ વિવિધ સ્ટોલ્સ ઉભા કરવામાં આવશે તેમજ

● અનુસંધાન પાન-૭ પર

## અમદાવાદ જિલ્લા પંચાયતના બે સભ્યોને સભ્યપદ માટે ગેરલાયક ઠેરવાયા

ગાંધીનગર, તા. ૩૦

અમદાવાદ જિલ્લા પંચાયતમાં બળવો કરનાર કોંગ્રેસના બે સભ્યોને સભ્યપદેથી ગેરલાયક ઠેરવતો હુકમ નામનિર્દિષ્ટ અધિકારી દ્વારા કરવામાં આવતાં રાજકીય વર્તુળોમાં સન્નાટો વ્યાપી ગયો છે.

અમદાવાદ જિલ્લા પંચાયત સુપરસીડ કરવા માટે સરકારે આપેલી નોટીસને પગલે આ ચુકાદો આપતા કોંગ્રેસમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. જ્યારે ભાજપને જોરદાર રાજકીય આંચકો લાગ્યો છે.

જિલ્લા પંચાયતના ઠાકરસીબાઈ રાઠોડ અને બાબુભાઈ મછારને સભ્યપદ માટે ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે. આને કારણે પંચાયતની બે બેઠકોની પેટા ચૂંટણીની નોબત આવી છે તેમજ પંચાયતમાં ભાજપ-કોંગ્રેસ બન્નેની સભ્ય સંખ્યા ૧૬-૧૬ની થઈ જવા પામી છે. હવે પછીના નિર્ણયો પેટા ચૂંટણી ના થાય ત્યાં સુધી કાસ્ટીંગ વોટથી લેવામાં આવશે.

આ માટે અરજદાર મનુજી ઠાકોરના વકીલ કમલનયન બ્રહ્મભટ્ટે ગુજરાત હાઈકોર્ટ તેમજ સુપ્રિમ કોર્ટના કેટલાક ચુકાડાઓ ટાંક્યા હતા અને સભ્યોએ પક્ષાંતર કર્યુ હોવાનું તેમજ પક્ષના મેન્ડેટનો અનાદર કર્યો હોવાનું પુરવાર કરતાં નામનિર્દિષ્ટ અધિકારીએ આ ચુકાદો આપ્યો છે.

## રાજયના ૪૦ જળાશયો હાઈ એલર્ટ પર

### સરદાર સરોવરની જળ સપાટી ૧૨૩.૪૭ મીટર

અમદાવાદ, તા.૩૦

રાજયના ઈમરજન્સી ઓપરેશન સેન્ટ્ર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૩૦.૦૮.૨૦૧૬ના રોજ સવારે ૮.૦૦ કલાકની સ્થિતિએ વ્યાપક વરસાદને કારણે રાજયના ૨૦૩ જળાશયો પૈકી ૪૦ જળાશયો હાઈ એલર્ટ તેમજ ૦૩ જળાશયો એલર્ટ જાહેર કરાયા છે. ગુજરાતની જીવાદારી સમાન નર્મદા યોજના સરદાર સરોવર ડેમ ૧૨૩.૪૭ મીટરની સપાટીએ પહોંચ્યો છે. વધુમાં જળાશયોમાં ૯૦ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થતાં દાહોદ જિલ્લાનું માછળનાલા, કબુતરી, ઉમરીયા, કાલી-૨, કડાણા, પાટાડુંગરી અને ભાદર-પી, દેવભૂમિ દ્વારકાનું વર્તુ-૧, કાબરકા, સોનમતી અને મનીસર, ગીર-સોમનાથ જિલ્લાનું મચ્છુંદ્રી, રાજકોટ જિલ્લાનું ન્યારી-૨, આજી-૨ અને વેનુ-૨, અરવલ્લી જિલ્લાનું વાયડી, માઝુમ અને વાત્રક, પંચમહાલ જિલ્લાનું હડફ, પોરબંદર જિલ્લાનું સોરઠી સુરેન્દ્રનગર જિલ્લાનું ધોળીધજા મહેસાણા જિલ્લાનું ધરોઈ એમ કુલ ૪૦ જળાશયો માટે હાઈ એલર્ટ અને ગીર સોમનાથનું શિંગોડા અને જામનગર જિલ્લાના વેરાડી-૨ અને ઉમીયાસાગર એમ કુલ ત્રણ જળાશયો માટે એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે. તદ્‌ઉપરાંત અન્ય દસ જળાશયો માટે ચેતવણી આપવામાં આવી છે.

## સેક્ટર-૬માં વિજળી પડી



શહેરમાં વિજળી પડી - મંગળવારે સાંજના સુમારે આકાશમાં મેઘ ગર્જનાઓની સાથે વિજળીના ચમકારા પણ અનુભવાતા હતા... સેક્ટર-૬બીમાં પ્લોટ નં. ૧૪૪/૨ ખાતે વિજળી પડતી નોંધપાત્ર નુકસાન થયું હતું... રમેશભાઈ પટેલના ઘર પર વિજળી પડતા ટી.વી., કોમ્પ્યુટર જેવા ઉપકરણોને નુકસાન થયું હતું. સાથે સાથ ધાબા પર પણ મોટા ગાબડા પડ્યા હતા... આસપાસના રહેણાંકોમાં પણ વિજાણુ ઉપકરણોને નાનુ-મોટુ નુકસાન થયું હતું... વિજળી પડવાના અવાજથી સમગ્ર વિસ્તારમાં થોડીક ક્ષણો માટે ગભરાટની લાગણી પ્રસરી ગઈ હતી...

દિવ્ય જ્યોતિષ કેન્દ્ર
જ્યોતિષ તેમજ વાસ્તુ શીખવા તેમજ મુંઝવતા પ્રશ્નોના સચોટ સમાધાન માટે મળો.
ટેરોટ કાર્ડ શીખવા માટે
Appointment લઈને આવવું
અમારા સોમનાથ યુનિવર્સિટીના જ્યોતિષ, વાસ્તુના વર્ગોમાં પણ જોડાઈ શકો છો.
દિપાલી જોષી(ગોલ્ડ મેડાલિસ્ટ) : ૯૯૨૪૪ ૯૮૧૫૯
ઈ-૧૦૭, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧, કુડાસણ, ગાંધીનગર

રૂદ્રાક્ષ હોસ્પિટલ
મલ્ટીસ્પેશ્યાલીટી અને ૨૪ કલાક અકસ્માત સારવાર કેન્દ્ર
પાટીયા, નરોડા, અમદાવાદ. ફોન.નં : ૦૭૯-૨૨૮૪૧૭૧૭/૧૮૧૮, ફેકસ :- ૦૭૯-૨૨૮૪૧૯૧૯



ડેન્ગ્યુ - મેલેરીયા તાવ, ઝાડા-ઉલ્ટી
સાવચેતીમાં જ સમજદારી !!
■ શરીરના અંગોને ઢાંકી રાખે તેવા કપડા પહેરવા.
■ ઘરની આજુબાજુ પાણી જમા થતું અટકાવવું.
■ મચ્છરદાનીનો ઉપયોગ કરો. ■ પાણી ઉકાળેલું પીવુ.
■ ખુલ્લા-વાસી પદાર્થો ખાવા નહીં.
■ લીંબુ સરબત વધારે પ્રમાણમાં પીવું.
રોગના લક્ષણો : તાવ આવે, આંખન પાછળના ભાગમાં દુખાવો થવો, શરીર પર લાલ ચકામા પડે, નાકમાંથી લોહી પડે, વારંવાર લોહી સાથે કે લોહી વિના ઉલટી થાય, મોઢું સુકાઈ જાય કે શ્વાસોશ્વાસમાં તકલીફ જેવા ગંભીર લક્ષણો દેખાય.
તાવના ચોક્કસ નિદાન માટે લોહીની તપાસ કરાવવી જરૂરી છે.
રોગનું નિદાન થયા બાદ : નિષ્ણાંત ડોક્ટરની સલાહ મુજબ સારવાર લેવી, આરામ કરવો અને પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લેવું
• સીટીસ્કેન • મેમોગ્રાફી • ડાયાલીસીસ • ઇકો • એન્ડોસ્કોપી • સોનોગ્રાફી • કલર ડોપ્લર • ઇ.ઇ.જી. • ટી.એમ.ટી. • બ્રોન્કોસ્કોપી • એક્સ-રે • બોડી ચેકઅપ • પી.એફ.ટી. • વ્યસનમુક્તિ • લેબોરેટરી
ફ્રી નિદાન સારવાર કેમ્પ
તા. ૦૫-૦૮-૨૦૧૬ થી ૦૫-૦૯-૨૦૧૬
સવારે ૧૦.૦૦ થી ૧.૦૦, સાંજે ૫.૦૦ થી ૯.૦૦
10% ડીસ્કાઉન્ટ દવાઓ અને લેબોરેટરી

મહામૃત્યુંજય જાપ
શ્રાવણ માસના છેલ્લા ૨ દિવસ મહામૃત્યુંજય જાપ મહાદેવના સાનિધ્યમાં વૈદિક બ્રાહ્મણ દ્વારા કરાવવા માટે સંપર્ક કરો.
મો. ૯૮૨૫૮ ૩૩૧૪૧
www.bhagavadgeeta.org

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET



DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com